# વિક્રમ સંવત ૨૦૭૫નું મેદનીય ફળાદેશ

- અંબારામ દા. પટેલ

ભાગોમાં સૈન્ય અથડામણોના બનાવો બને. આ ભાગોમાં વસતી પ્રજાને પણ મુશીબતોનો સામનો કરવો પડે. જન, ધન, પણ પ્રભાવિત થાય. ખાસ કરીને સૈન્ય સંઘર્ષની સંભાવનાઓ રહે. આતંકવાદી પ્રવૃત્તિને અટકાવવી રહી. દેશની પ્રજાનો અવાજ બુલંદ બને, ગ્રહો સરહદો સાચવવાનું સૂચન કરી રહ્યા હોય તેવી પ્રતિતી જોવા મળે. માર્ચ માસ પૂરો નબળા બનાવો સૂચક રહે.

એપ્રિલ તા. ૦૧ થી ૩૦માં પણ પાકિસ્તાનના તેમજ મુસ્લિમ રાષ્ટ્રોમાં હિંસાના બનાવો બને. પાકિસ્તાનના નજીકના ભાગો સિંધ, પંજાબમાં પણ હિંસાત્મક બનાવો જોવા મળે. મુસ્લિમ રાષ્ટ્રો સિરિયા વિ. ભાગોમાં પણ યુદ્ધાદિ બનાવો રહે. અફઘાનિસ્તાનના ભાગો પણ આતંકથી ત્રસ્ત બને. દેશના પૂર્વીય ભાગોમાં પણ હિંસાત્મક પ્રવૃત્તિ વધે. હિમાચલ પ્રદેશ, હિમાલય ક્ષેત્ર સુધી, પંજાબ, બંગાળ, બિહાર તેમજ મધ્યપ્રદેશ વિ. ભાગોમાં પણ હિંસાત્મક બનાવો આંદોલનો જોર પકડે.

મે-૨૦૧૯માં દેશના દક્ષિણ-પૂર્વીય તટ ઉપર વાવાઝોડા વધે. બાંગ્લાદેશમાં વાવાઝોડાની અસર વધુ જણાય. દેશના પૂર્વીય ભાગોમાં ભારે વરસાદની શક્યતાઓ રહે. દેશમાં ગરમી જોર પકડે. આગ અકસ્માતના બનાવો વધે. ગંગા, યમુનાનો મેદાની પ્રદેશ નબળા બનાવોથી ત્રસ્ત બને. પંજાબના ભાગોમાં હિંસાત્મક બનાવો બને. એક સાંધે ત્યાં તેર તૂટે તેવા સંજોગો બને. જનધનને હાનિ ન થાય તે અંગે સાચવવુ પડે. દિલ્હીના ભાગોમાં પણ નેષ્ટ બનાવો રહે. રાજસ્થાનના ભાગોમાં ધૂળભરી આંધી આવે તેમજ આ ભાગોમાં પણ ગરમી આંક વટાવે અને પ્રજાને હાડમારીનો સામનો કરવો પડે. પૂર્વીય બંગાળના ભાગોમાં પણ નબળા બનાવો બને. તટીય વાવાઝોડાની અસરથી વરસાદ થાય. બાંગ્લાદેશના ભાગો પ્રભાવિત થાય. શ્રીલંકા થી પૂર્વીય ભાગો ચક્રવાત વરસાદ તેમજ નેષ્ટ બનાવો અને રાજકીય ચળવળો તેમજ કુદરતી બનાવો બને. દેશમાં મધ્ય ભાગોમાં ગ્રહો નબળા રહે. મધ્યપ્રદેશના ભાગો પણ પ્રભાવિત થાય. એક બાજુ ગરમીથી ત્રસ્ત તો બીજી તરફ પ્રજાની હાડમારી બેવડો માર તત્ ભાગોના જનધનને પ્રભાવિત કરતા જોવા મળે.

જૂન માસમાં દેશના પૂર્વીય ભાગો પ્રભાવિત બને. કાશી, કોશલ, અયોધ્યાના ભાગો સંકટમય રહે. મિથિલા, બિહાર અને ઝારખંડના ભાગો પણ પ્રભાવિત રહે. ઓરિસ્સા આંધ્રનો થોડો ભાગ પશ્ચિમ બંગાળનો ઘણો ખરો ભાગ ગ્રહોના ભરડામાં રહે. તટીય ભાગોમાં કુદરતી ઝંઝાવાતના બનાવો પણ રહે.

જુલાઈ ૨૦૧૮માં દેશના પૂર્વીય ભાગોમાં પુરની સ્થિતિ રહે. દેશના દક્ષિણી ભાગોમાં પણ કુદરતી બનાવો બને. વિંધ્યાચલનો દક્ષિણી ભાગ તેમજ મહારાષ્ટ્રના ભાગોમાં વરસાદ તેમજ કુદરતી બનાવો જણાય. દેશમાં પૂર્વીય ભાગ પૂર્વીય ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડના ભાગોમાં પણ અતિવૃષ્ટિ તેમજ કુદરતી અવનવી ઘટનાઓ આવે. આસામના ભાગોમાં પૂરની સ્થિતિ રહે. ઓરિસ્સા તટીય ભાગો તેમજ પૂર્વીય મધ્યપ્રદેશના ભાગોમાં પણ વરસાદ તેમજ અન્ય નબળા બનાવો રહે. વિદર્ભ મરાઠાવાડના ભાગો પણ નેષ્ટ બનાવો સૂચક રહે. વરસાદ તેમજ અણધાર્યા હવામાનમાં પલટા પણ જોવા મળે.

ઓગષ્ટ-૨૦૧૯ - આ માસમાં પણ સાશક પક્ષ, રાજપક્ષને હાની જોવા મળે. આંદોલન જોર પકડે, યુદ્ધભય અગ્નિકાંડ જેવા બનાવો રહે. પાર્ટી લીડરોને મુશીબતો સહન કરવી પડે, દબંગ લોકો રાજસી ઠાઠમારીમાં રહેતા લોકોને ઘણુ સહન કરવાનુ આવે. નકલી ઉત્પાદકોને ત્યાં દરોડા પડે, મોટા શહેરોમાં મુશીબતો આવે. ધનવાનોને પીડા જણાય, બળાત્કારી, હત્યારા, ગુંડાગર્દી કરવાવાળા, પરસ્ત્રી લોલુપ, લાંચરૂશ્વતખોર કરવાવાળા ઉઘાડા પડે. આવા લોકોની પરેશાની વધે દેશના પૂર્વીય ભાગો પણ નબળા બનાવોથી ત્રસ્ત થતાં તેના ઉપર નબળા તત્વોના માટે નબળા સંજોગ થતાં, તેઓ સાણસામાં આવે. પશ્ચિમ બંગાળ, બિહાર, અયોધ્યા, મિથિલા વિ. ભાગોમાં પણ નબળા બનાવો બને. આંદોલન, હિંસા જોર પકડે.

સપ્ટેમ્બર-૨૦૧૯ :- સદાચારી, નીતિમત્તા ધરાવતા લોકોને મુશીબતોનો સામનો કરવો પડે. જન નેતાઓને પણ સાચવવુ પડે. મોટા વાહન નિર્માતાઓને પણ મુશીબતો આવે. વૈદિકશાળા જાણકારો સર્જન કુશળ વ્યવસાયીઓ પણ મુશીબતોનો સામનો કરે. સોની, રંગકામ કરનાર વિ. કપડા ઉદ્યોગવાળા, વિજ્ઞાની, ગણિતજ્ઞ, ખાદ્ય પદાર્થોવાળા, ફેશન ડિઝાઈન વિ.ના વ્યવસાયોમાં રહેનારા માટે મહેનત કરવી પડે. ઉત્પાદન અને બજારનો સમન્વય સાધવો પડે તો પરિણામલક્ષી થઈ શકે. નક્ષત્રો સૂચકથી જોતાં આ વ્યવસાયમાં પડેલ લોકો માટે ઉપર્યુક્ત બાબતો જણાવે છે. કૂમચક્રના નક્ષત્ર પ્રમાણે જોતાં, કર્ણાટક, કેરળ, તામિલનાડુ, ગોવા, નીલગિરી પર્વત, મહારાષ્ટ્રનો થોડો ભાગ પ્રભાવિત થાય. ભારે વરસાદ કુદરતી ઉત્પાતોથી આ પ્રદેશને સહન કરવુ પડે. રાજકીય બાબતો પણ પ્રભાવિત બને. આ પ્રદેશોનું રાજકારણ ગરમાય.

ઓક્ટોબર-૨૦૧૯ માસ પણ ઉપર્યુક્ત બનાવોથી દેશના દક્ષિણ ભાગો પ્રભાવિત બને. દેશના સમસ્ત ભાગો વિક્રમ સંવત ૨૦૭૫માં અનેક અવનવા બનાવોની ગવાહીરૂપ રહે. જેમાં ઉત્તર, દક્ષિણી તેમજ પશ્ચિમી, પૂર્વીય મધ્ય વિ. ભાગો પ્રભાવિત બને. સિંધ, પાકિસ્તાન, કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્રના ભાગો પણ પ્રભાવિત થાય. એપ્રિલથી ઓક્ટોબર માસમાં દેશના પશ્ચિમ, મધ્ય, પૂર્વીય, દક્ષિણી ભાગોમાં અનિષ્ઠ, અશાંતિ સૂચક બનાવો પ્રકોપ, દૂર્ઘટના સૂચક રહે.

**તા. ૨૧-૦૩-૨૦૧૯ના રોજ ● સમય ક. ૦૩-૩૦ મિનિટ**

તા. ૨૧-૦૩-૨૦૧૯ના રોજ સમય ક. ૦૩ મિ. ૩૦ એ સૂર્ય સાયન મેષ રાશિમાં આવે છે. આજ વખતે મેરૂ પર્વત એટલે પૃથ્વીના ઉત્તર ધ્રુવમાં રહેતા દેવોના દિવસનો આરંભ થાય છે. અને આજ સમયે પૃથ્વી ઉપર દિનમાસ સરખુ થાય છે. અને આ દિવસથી સૂર્યની ક્રાંતિ ઉત્તર તરફ વધતી જાય છે અને દિનમાન પણ વધવા માંડે છે. આ દિવસથી વસતંઋતુનો આરંભ થાય છે. આ વખતે ભારતની રાજધાની દિલ્હી ઉપર કુંભ રાશિ ઉદિત થયેલી છે. ભૂ. ચક્રના ભાવ વિચારથી કુંભ લગ્નના પ્રથમ ભાવમાં, શુક્ર હોવાથી સાયન શુક્રનું ફળ પ્રજાની તંદુરસ્તી એકંદરે સારી રહે. દેશમાં આરોગ્ય સેવાઓ અને સત્તા પ્રયત્નશીલ રહે. દેશના ભાગોમાં વરસાદની વહેંચણી અનિયમીત હોવા છતાં એકંદરે સારો રહે.

બીજા ભાવમાં બુધ તે વરચ્યુન હોવાથી અર્થ વ્યવસ્થા સંગત કરવા સતત સરકાર પ્રયત્નશીલ રહે. બેંક, દલાલી, લોન, શેર, એક્ષેન્જ, વેપાર વાણિજ્યની સ્થિતિ સુધરતી હોવા છતાં શનિની દૃષ્ટિથી તેમાં ઘણી વખત ચડાવ, ઉતરાવ આવે. અર્થવ્યવસ્થા સંગીન કરવા સત્તાધીશોએ ઘણા પ્રયત્ન કરવા પડે. વૈશ્વિક અર્થવ્યવસ્થાલક્ષી અસરો પણ ભારતીય અર્થતંત્ર ઉપર પડે.

ત્રીજા ભાવમાં સાયન સૂર્ય ઉપર, સાયન ગુરૂની દૃષ્ટિ છે. પોસ્ટ ખાતાને સુધારવા પ્રયત્ન કરવામાં આવે, પોષ્ટ ખાતુ સંગીન બનતુ જોવા મળે. આ ઉપરાંત સંદેશાવ્યવહાર ખાતામાં પણ સુધારા જોવા મળે. રેલવે કંપનીઓ માટે પણ સારા સુધારા થાય. ભારતીય રેલમાં સંગીન સુધારા થાય. રેલવે એન્જીનો તેમજ રેલ્વેની બનાવવાની કામગીરી જોર પકડે. અદ્યતન સુધારા રેલ, રસ્તા તેમજ સંદેશાવ્યવહાર ક્ષેત્રે જોવા મળે. સંદેશાવ્યવહારના અદ્યતન સાધનો પણ બજારમાં આવે અને સંદેશા વ્યવહારના સાધનો વિશ્વ જોડે તાલ મિલાવતાં જોવા મળે. અદ્યતન મોટરકારમાં પણ બજારમાં આવતી જોવા મળે. નવીન મોડેલો આકર્ષણ ઉભુ કરે. ન્યુઝ પેપરોમાં પણ સંગીન સુધારા થાય. નવીન આવિષ્કાર થાય, લાયબ્રેરી અને વાંચનક્ષેત્રે પણ દેશમાં નવીન સુધારણા આવે.

ચોથા ભાવમાં, મંગળ, હર્ષલ છે. મંગળ ભૂમિની રાશિમાં છે. આથી ખેતીવાડીને લગતી બાબતો અંગે સરકાર સજાગ બને. વધુ ઉત્પાદન માટે કૃષિખાતુ નિર્ભર થાય પરંતુ સાધન વૃષભમાં મંગળ હોવા છતાં મંગળ હર્ષલા યોગો ઉભા કૃષિ પાકો માટે ઘણી વખત અનિયમિત વરસાદથી કે હીમ અથવા કમોસમી વરસાદથી કે અતિ વૃષ્ટિ અનાવૃષ્ટિથી ખેતી પાકોને નુકસાની થવાની ધાસ્તી રહે છે, શાંત જ્વાળામુખી જગતમાં ફાટી નીકળે જેની અસર પણ પર્યાવરણીય બાબતો, સાગર ઉપર પડી શકે. ખનીજ, ખાણમાં પણ સંગીન સુધારા થાય. પરંતુ આ બાબતે મંગળ, હર્ષના યોગો ઘણી વખત વિસ્ફોટકારક પણ ગણાય.

પાંચમાં ભાવમાં પાંચમાં ભાવનો માલિક બુધ બીજે શનિથી દૃષ્ટ છે. પાંચમા ભાવ ઉપર ગુરૂની સાયન ધનુરાશિથી દૃષ્ટ છે. આથી કેળવણી ખાતામાં સંગીન સુધારા થાય. શિક્ષણનો વેપલો કરતી સંસ્થાઓ ઉપર નિયંત્રણો આવે. પ્રાથમિક શિક્ષણ, સરકારી શાળા, કોલેજો પણ સંગીન થતી જોવા મળે. બાળકોના જન્મ પ્રમાણમાં સુખાકારી માટે સત્તાધીશો પગલાં લે. ઘણી બાળ સહાય યોજનાઓ આવે.

છઠ્ઠા ભાવમાં રાહુ હોવાથી ઘણી વખત નવીન પ્રકારના રોગોથી ગરીબ મજૂર વર્ગની હાલત કફોડી બને. આ અંગે આરોગ્ય ખાતાએ કમર કસવી રહી. સ્વચ્છતાના અભાવે ગીચ માનવવસ્તીમાં આવું બનતું હોય છે. જેમાં ગીચ વસવાટો તરફ પણ સરકારશ્રીની આરોગ્ય સેવાઓએ સઘન પ્રયાસો કરવા ઘટે. ઘણી વખત વૈશ્વિક રોગોનો આવિષ્કાર પણ દેશના ભાગોમાં થતો હોય છે. ઘણી વખત સરહદ ઉપર કામ કરતા સૈનિકો, દરિયાઈ લશ્કર, લડાઈના સીપાઈઓ તેમજ પ્રજાની સેવા કરનાર વર્ગના આરોગ્ય માટે ઘણુ સાચવવુ પડે. છઠ્ઠા ભાવમાં રાહુ ગંદકી, ગીચતા અને ગંદા માનવ વસવાટો તેમજ પ્રતિકૂળ હવામાનમાં કામ કરતા માનવો માટે તંદુરસ્તીનું ધોરણ સારૂ રહે તે અંગે જોવું રહ્યું.

સાતમા ભાવ ઉપર મંગળની દૃષ્ટિ ઘણી વખત પરરાષ્ટ્રની અવળચંડાઈથી રાષ્ટ્રને હાનિ કરતી જોવા મળે. પર રાષ્ટ્ર સાથે નાના પ્રકારના યુદ્ધો થાય. આ બાબતોમાં સ્ત્રી-પુરુષના લગ્ન કરારો, સંધીલગ્ન, તલાક વિગેરે બાબતોમાં પણ તડફડ જોવા મળે. વળી દેશના રાજ્યોમાં પણ આંદોલનો, ઘેરાબંધી તેમજ અનેક જાતની તકરારોથી બંદોબસ્ત જાળવવા મહેનત કરવી પડે. આમ છતાં સાતમા ભાવ ઉપર ગુરૂની દૃષ્ટિ દેશ માટે નબળા તત્વો સાથે પણ પગલાં લે, અને દેશની સંગીતતામાં સુધારો કરે. પ્રાંતીય પ્રક્ષોથી ઘણી વખત મોટી ચળવળો જોર પકડે. આવી બાબતોમાં પણ પોલીસ બંદોબસ્ત પાછળ ઘણો ખર્ચ સત્તાઓએ કરવો પડે. તીવ્ર મતભેદો વચ્ચે પણ ગુરૂની દૃષ્ટિ સાતમા ભાવ ઉપર સરકારની મુશ્કેલી ઓછી કરશે અને વ્યવસ્થાતંત્ર જળવાઈ રહે.

આઠમા ભાવ ઉપર બુધ, શનિની દૃષ્ટિ માનવ મૃત્યુનો વધારો ઘણી વખત અગમ્ય રોગ અથવા તો વાયરલ રોગોથી જોવા મળે. પાણી, નદી, જળાશય, સમુદ્ર વિગેરે બાબતોથી પણ મૃત્યુ પ્રમાણ વધી શકે. જે બાબતોને સામાન્ય ગણી શકાય. જે અંગે કાળજી લેવી રહી.

નવમા ભાવ ઉપર સૂર્ય, શનિની દૃષ્ટિ પ્રજા માનસમાં ધાર્મિક ભાવનાઓ વધે. ભારતમાં અનેક ધર્મો હોવા છતાં ભીન્ન ભીન્ન કોમોમાં પોતાની ધાર્મિક ભાવના વધે. શનીની દૃષ્ટિથી ઘણી વખત ધાર્મિક ભાવના ઉન્માદમાં પલટાઈ ન જાય તે જોવું રહ્યું. ઘણી વખત ધાર્મિક ઉન્માદ પણ જોવા મળે. જે મતભેદો પ્રજા માટે નુકશાનકારક નીવડે. ધાર્મિક નેતાઓએ પ્રજાની સમજણમાં ગેરસમજ ન પ્રવર્તે તે અંગે સ્તુત્ય પ્રયાસો કરવા, પ્રયાસો સમજણપૂર્વક કરવા સારા રહે, ઘણા ડહાપણ, ધીરજ અને દુરંદેશીપણાથી જોવું ઘટે નહિતર અનિચ્છનીય બનાવો ન બને તેની કાળજી લેવી રહી. સ્ટીમરની સફરોમાં પણ સાચવવું પડે. દરિયાઈ મુસાફરીના સાધનોએ કાળજી રાખવી પડે. વહાણવટીયાઓએ ખાસ કાળજી લેવી ઘટે. દરિયાઈ માર્ગ, વહાણોની સફરો વેપાર વગેરેમાં કાળજી લેવી પડે. નવમે શુક્ર લગ્નમાં શુભ ફળ આપે એટલે આ બાબતો ઘણી નબળી ન બને, સાતમા ભાવ ઉપર સૂર્ય શનિની દૃષ્ટિ, નવાં નવાં સંશાધોને પ્રોત્સાહન મળે, નવીન પ્રકારની શોધો ભારતમાં થાય, સાયન્સક્ષેત્રે હરણફાળ થતી જોવા મળે, નવીન પ્રાકરના શિક્ષણના ક્રમીક પુસ્તકો, ગ્રંથ વિગેરે વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થશે. શિક્ષણ ક્ષેત્રે ઘણા મહત્વના ફેરફાર થશે. અવકાશક્ષેત્રે, દરિયાળીક્ષેત્રે, યંત્રક્ષેત્રે તેમજ ઘણી એવી ટેકનીકલ બાબતોનું શિક્ષણ વિદ્યાક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રાપ્ત કરશે.

દસમા ભાવ ઉપર મંગળની દૃષ્ટિ રાજકર્તાનો સંગીન બળ પુરૂ પાડશે. ભારત દેશની મહાન લોકશાહી માટે પણ સત્તા કામ કરતી જોવા મળશે. રાજકર્તાઓને કેન્દ્રમાં મંગળ, હર્ષલના કારણે સાચવવું પડે. રાજની લગામથી સારી રીતે કામ કરતા લોકશાહિના મુલ્યો જળવાશે.

અગિયારમાં ભાવમાં ગુરુ છે. ગુરુ ઉપર મંગળની દૃષ્ટિ, પાર્લામેન્ટના નવા પ્રકારના પ્રજાલક્ષી સુધારાઓ આવે, પાર્લામેન્ટમાં બંડબખેડા થવા છતાં એકંદરે કાયદાકીય કામો પાર પડતાં જોવા મળે. ઘણી વખત નવીન પ્રકારના કાયદાઓ પ્રજાલક્ષી વધુ રહે.

બારમા ભાવમાં શનિ, કેતુ નબળા રહે. જેલ, બંદીખાનોની હાલત સુધારવી રહી. બદમાશો ઘણી વખત હરકતો કરે. ધર્મ ખાતામાં પણ ઘણી વખત ખોટા કામકાજથી આવી સંસ્થાઓ પણ વગોવાય, જાસુસીતંત્રથી સાવધ રહેવું પડે, પર રાષ્ટ્રીય જાસુસીતંત્ર ઘણી વખત દેશને હાનિ પહોંચાડે. ખાનગી દુશ્મોથી પણ દેશને સાચવવું પડે. શનિ, કેતુ બારમા સ્થાન માટે નબળા રહે.

ભુ-ચક્ર ભાવનો એકંદરે વિચાર કરતાં, દેશમાં વિવાહ લગ્નો આનંદ ઉમંગોથી પ્રજાને સુખ મળે છતાં ઘણી વખત કુસંગથી વ્યભિચાર વધે જે ઘણુ દુઃખ તેમજ નુકશાનકારક રહે. દેશમાં વસતી પ્રજાએ નવીન કર્જ ઉપાડવો પડે. વિમાની સફરમાં વધારો થાય. દેશની આર્થિક સ્થિતિ સુધારવી પડે જેથી વ્યાપારમાં જોર આવે. બગડતી જતી અર્થવ્યવસ્થા જો સરકાર દ્વારા સુયોગ્ય પગલાં ન લેવામાં આવે તો કથળતી અટકાવવા ઘણા પ્રયત્નો કરવા પડે.

ચતુર્થે સ્થાન દ્યોતક ઉદ્યોગ, ખેતી, ખાણ ખનીજ ક્ષેત્રે સારી સુધારણા તેમજ આ વખતના સુયોગ્ય કાયદાઓ પણ આવશે. કોલસો, લોખંડ, મેંગેનીઝ, યુરેનિયમ, ઈત્યાદિની પેદાશ સારા પ્રમાણમાં વધશે. રબરની ખેતી પણ વધશે. તેલીબિયા અળશી, મગફળીનો પાક વધારવાના પ્રયત્નો સરકાર આશ્રયે થશે. દેશની પાક તેમજ ખાણોની પેદાશ પણ વધતા દેશને ફાયદો થશે. પ્લાસ્ટીક, કેમીકલ અન્ય ઈન્ડસ્ટ્રીના કારખાનાં વધશે જેના કારણે રોજગારીની તકો પણ વધશે. ટુરીસ્ટ, ટ્રાફીક વધારો પર્યટન ઉદ્યોગને


નૂતન વર્ષાભિનંદન...
નવા વર્ષ નિમિત્તે સર્વેને હાર્દિક શુભેચ્છા...
'ડ્રીમ' લેન્ડ કન્સલ્ટન્ટ
નવિનભાઈ એમ. ખમાર - મો. ૯૮૨૫૦૩૦૪૨૪
૩૦૨, શાલીન કોમ્પ્લેક્ષ, વિજય પેટ્રોલ પંપ સામે, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર ફોન : ૨૩૨ ૨૫૪૦૧
જી-૯, યુનીક મેટ્રોપોલીસ, અગ્રવાલ મોલની પાછળ, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ મો. ૯૮૨૫૦૩૦૪૨૪
'ડ્રીમ' કીચન ગેલેરી
૧૭, આયના કોમ્પ્લેક્ષ, સુવર્ણવીલા બંગલાની સામે, ૧૦૦ ફુટ હેબતપુર રોડ, થલતેજ, અમદાવાદ.
કમલેશ નાયક - ૯૭૨૩૮૧૨૬૩૧
સૌજન્ય : નવિનભાઈ એમ. ખમાર, કમલેશ નાયક, રીધમ કમલેશ નાયક



દિપાવલીનો પ્રકાશ આપણને ઉજાસ તરફ ગતિ કરાવે એવી શુભેચ્છા સહ...
નૂતન વર્ષાભિનંદન...
આર. એસ. વાઘેલા
(આઈ.એ.એસ. નિવૃત્ત)
સર્વદમનસિંહ આર. વાઘેલા
રિપુદમનસિંહ આર. વાઘેલા